કરજણ ગામે શેરડી, કેળ તેમજ શાકભાજીના પાકોને ભારે નુકસાન

કામરેજ: ગુરુવારના રોજ કામરેજ તાલુકામાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસતાં કરજણ ગામથી કરજણ ખાડી સુધી જતાં મુખ્ય રોડ પર વીજપોલ વીજ વાયરો સાથે રોડ પર પડી ગયા હતા. તેમજ કેળના ઊભા પાક જમીન દોસ્ત થઈ જતાં લાખો રૂપિયા નુકસાનીનો વારો આવ્યો છે. સાથે સાથે શેરડી તેમજ શાકભાજી જેમાં પણ ખાસ કરીને ઘલુડા, ગલકા સહિતના માંડવા પણ જમીનદોસ્ત થઈ જતાં ખેડૂતોની હાલત કફોડી થઈ છે. ગામના ખેડૂતો દ્વારા સરવે કરી સહાયની માંગણી કરવામાં આવી છે.

અરેઠના મુંજલાવ ગામનો સંપર્ક કપાયો

માંડવી: અરેઠના મુંજલાવ ગામને જોડતા બંને મુખ્ય માર્ગો બંધ થતાં ગામ સંપર્કવિહોણું બન્યું છે. મુંજલાવ-ઉશ્કેર-કીમ રોડ પર વીજપોલ અને વિશાળ વૃક્ષ ધરાશાયી થતાં વાહનવ્યવહાર ઠપ થયો છે. બીજી તરફ મુંજલાવથી બૌધાન થઈ બારડોલી જતા માર્ગ પર વાવ્યા ખાડીના કોઝવે પર છેલ્લા ત્રણ દિવસથી પાણી વહેતાં આ રસ્તો પણ બંધ છે. બંને માર્ગો બંધ થતાં ગ્રામજનો, નોકરિયાતો અને વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. તંત્ર તાત્કાલિક ઝાડ-વીજપોલ દૂર કરી રસ્તો ખુલ્લો કરે તેવી માંગ ઊઠી છે.

ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે

માંડવી: માંડવી તાલુકામાં સતત ધોધમાર વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાતા ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિએ તાત્કાલિક અસરગ્રસ્ત વિસ્તારોની સ્થળ મુલાકાત લીધી હતી. તેમણે તંત્રના અધિકારીઓને પાણીના ઝડપી નિકાલ, જનસુરક્ષા અને રાહત કામગીરીમાં કોઈપણ જાતની બેદરકારી વગર યુદ્ધના ધોરણે કામ કરવા સ્પષ્ટ આદેશ આપ્યા હતા. મુલાકાત દરમિયાન માંડવી પ્રાંત અધિકારી કૌશિક જાદવ તથા મામલતદાર જયપ્રકાશ મિસ્ત્રી, પાલિકા પ્રમુખ અમિષાબેન રાઠોડ, ઉપપ્રમુખ પ્રવીણસિંહ અટોદરીયા સહિત પાલિકા સભ્યો હાજર રહ્યા હતા.

કામરેજના નનસાડના પશુપાલકની તણાઈ ગયેલી બે ભેંસ મૃત હાલતમાં મળી

કામરેજ: નનસાડ ગામે સુંદરવન સોસાયટીમાં રહેતા પશુપાલકની વરસાદમાં તણાઈ ગયેલી બે ભેંસ કામરેજ ગામ નજીક રાધિકા સોસાયટીની બાજુમાં આવેલી ખાડીમાંથી મૃત હાલતમાં મળી આવી હતી. જ્યારે બીજી ભેંસ વ્રજનંદની સોસાયટીની બાજુમાં ઝાડીમાંથી મૃત હાલતમાં મળી આવી હતી.

ઓલપાડ તાલુકામાં ઉઘાડ નીકળતાં ધારાસભ્ય સાયણની મુલાકાતે

સાયણ: ઓલપાડમાં ૧૧ ઈંચ વરસાદથી સાયણમાં પૂર જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. નેશનલ હાઈવે ૪૮ને જોડતો મુખ્ય માર્ગ પાણીમાં ગરકાવ રહેતાં વાહનચાલકો હેરાન થયા હતા. બીજી તરફ કઠોર-સાયણ રોડ પર મહાકાય આમલીનું વૃક્ષ ધરાશાયી થતાં ૫ કલાક સુધી વાહનવ્યવહાર ઠપ થઈ ગયો હતો. બાદ સ્થાનિક તંત્રે જેસીબીથી વૃક્ષ હટાવી રસ્તો ખુલ્લો કર્યો હતો. હાલ સાયણ મુખ્ય માર્ગ, સર્વિસ રોડ, ભવાની માર્કેટ, રસૂલાબાદ, ધનલક્ષ્મી, સાફલ્ય, કૈલાસનગર, પ્રભુનગર, ગાયત્રી, મહાદેવ, સોમનાથ, આદર્શ, અંબિકા, જનતા સહિતની સોસાયટીઓમાંથી વરસાદી પાણી ઓસરતા રહીશોએ રાહતનો દમ લીધો છે. વારંવાર સાયણમાં પૂર જેવી સ્થિતિ સર્જાતાં ધારાસભ્ય મુકેશ પટેલે દબાણ હટાવવા સરકારી બાબુઓને સૂચના આપી છે.

ડોલવણમાં મેઘરાજાનો પ્રકોપ: 7 ઈંચ વરસાદ

વાલોડમાં 4.3 ઈંચ, વ્યારામાં 4 ઈંચ વરસાદ, વ્યારાના સિંગી વિસ્તારમાં ઝાડ પડતાં વીજ પુરવઠો ખોરવાયો

તાપી જિલ્લામાં ક્યાં કેટલો વરસાદ

ડોલવણ-7 ઈંચ
વાલોડ-4.3 ઈંચ
વ્યારા-4 ઈંચ
સોનગઢ-2.6 ઈંચ
ઉકાઈ-2.5 ઈંચ
કુકરમુંડા-1.6 ઈંચ
ઉચ્છલ-1.5 ઈંચ
નિઝર-1.1 ઈંચ

ઉકાઈના બોરદા-સાતકાશી-શેરૂલા રાજ્ય ધોરી માર્ગ પર ભૂસ્ખલન

વ્યારા, સોનગઢ : તાપી જિલ્લાના ઉકાઈ તાલુકામાં બોરદા-સાતકાશી-શેરૂલા રાજ્ય ધોરી માર્ગ પરના જલેબી ઘાટ વિસ્તારમાં ભારે વરસાદના કારણે ભૂસ્ખલનની ઘટના સર્જાઈ હતી. માર્ગ પર મોટી માત્રામાં માટી, પથ્થરો અને કાટમાળ ખાબકતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે પ્રભાવિત થયો હતો તેમજ સ્થાનિક લોકોને અવરજવરમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. ઘટનાની જાણ થતાં જ રાજ્યના માર્ગ અને મકાન વિભાગે JCB, હિટાચી સહિતનાં ભારે મશીનોને સ્થળ પર તહેનાત કરી યુદ્ધના ધોરણે માર્ગ પરથી કાટમાળ, માટી અને પથ્થરો દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી. 24 કલાકમાં જલેબી ઘાટ વિસ્તારનો માર્ગ સંપૂર્ણપણે વાહનવ્યવહાર માટે ફરીથી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

વ્યારા: તાપી જિલ્લામાં સતત છઠ્ઠા દિવસે મેઘમહેર જારી રહી હતી. ડોલવણમાં 7 ઈંચ, વાલોડમાં 4.3 ઈંચ, વ્યારામાં 4 ઈંચ, સોનગઢમાં 2.6 ઈંચ, ઉકાઈમાં 2.5 ઈંચ, કુકરમુંડામાં 1.6 ઈંચ, ઉચ્છલમાં 1.5 ઈંચ અને નિઝરમાં 1.1 ઈંચ વરસાદ નોંધાયો હતો. વ્યારા નગરના વેગી ફળિયા વિસ્તારમાં કેટલાંક રહેણાક મકાનોમાં વરસાદી પાણી ઘૂસી જતાં પરિવારોને અસર પહોંચી હતી. આ પરિસ્થિતિને ધ્યાને લઈ વ્યારાના ધારાસભ્ય મોહન કોંકણીએ વેગી ફળિયા વિસ્તારમાં પહોંચી અસરગ્રસ્ત નાગરિકોની મુલાકાત લીધી હતી. અધિકારીઓને વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે પગલાં લેવા સૂચના આપી હતી. તેમજ ધારાસભ્યએ નાગરિકોને જિલ્લા વહીવટીતંત્ર અને સ્થાનિક તંત્ર દ્વારા શક્ય તેટલી ઝડપી મદદ પહોંચાડવામાં આવશે તેવી ખાતરી આપી હતી તેમજ ભારે વરસાદ દરમિયાન સાવચેતી રાખવા અને વહીવટીતંત્રની સૂચનાઓનું પાલન કરવા અનુરોધ કર્યો હતો.

વ્યારા નગરમાં સિંગી વિસ્તારમાં આંબલી ફળિયામાં ભારે વરસાદને કારણે વર્ષો જૂનું આંબલીનું ઝાડ ધરાશાયી થયું હતું. ઝાડ વીજ પુરવઠાની લાઈન પર પડતાં વિસ્તારમાં કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. જોકે, સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી. તો વ્યારામાં ગતરોજ ભારે પવન સાથે પડેલા ઝાપટારૂપી વરસાદ દરમિયાન વ્યારામાં પાનવાડી સ્થિત જિલ્લા સેવા સદન કચેરીના પરિસરમાં SP કચેરી પાસે એક ઝાડ ધરાશાયી થયું હતું.

કીમ નદી ઉફાને: કઠોદરા સંપર્કવિહોણું

ઉપરવાસમાં ધોધમાર વરસાદથી ઓલપાડ તાલુકાના ઉમરાછી, વડોલી, બોલાવમાં પૂર જેવી સ્થિતિ

ધારાસભ્ય મુકેશ પટેલે અસરગ્રસ્ત ગામોની મુલાકાત લીધી

ઓલપાડ તાલુકામાં ગંભીર બનેલી પરિસ્થિતિને પગલે ઓલપાડના ધારાસભ્ય મુકેશભાઈ પટેલ મેદાનમાં ઊતર્યા હતા. તેમણે સાયણ, કીમ, વડોલી, ઉમરાછી અને કઠોદરા સહિતના અસરગ્રસ્ત ગામોની મુલાકાત લઈ સ્થાનિકોની સમસ્યાઓ જાણી હતી. ઉપરાંત ઓલપાડ મામલતદાર તેમજ માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ સાથે સ્થળ પર ચર્ચા કરી જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યું હતું.

કીમ: કીમ નજીક આવેલા કઠોદરા ગામે કીમ નદીના પાણી ફરી વળતાં કીમ-કોસંબાને જોડતો ઐતિહાસિક ગાયકવાડી માર્ગ સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. માર્ગ પર કમર સુધી પાણી ભરાઈ જતાં વહેલી સવારે કોસંબા અને અંકલેશ્વર તરફ નોકરીએ જતાં લોકોને લગભગ 10 કિલોમીટરનો ચકરાવો મારી કીમ ચાર રસ્તા થઈને જવું પડ્યું હતું.

કઠોદરા નજીક આવેલા કીમામલી ગામમાં પણ પાણી ફરી વળતાં બંને ગામો વચ્ચેનો સંપર્ક તૂટી ગયો હતો. કઠોદરા ગામના જૂના ફળિયા, નવા હળપતિવાસ, ટેકરા ફળિયા અને ઘંટી ફળિયાનાં 50થી વધુ ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા. ત્રણ પરિવારોને સલામતીના ભાગરૂપે ગામની સરકારી શાળામાં સ્થળાંતર કરવામાં આવ્યા હતા. બોલાવ ગામમાં પણ કીમ નદીના પાણી 50થી વધુ ઘરોમાં ઘૂસી જતાં ગ્રામજનોએ 200થી વધુ લોકોને ગામના નીલકંઠ મહાદેવ મંદિરમાં આશ્રય આપ્યો હતો. ઉમરાછી ગામના હળપતિવાસમાં નદીનું પાણી ફરી વળતાં નીચાણવાળા વિસ્તારમાં આવેલા 9 ઘરમાં પાણી ઘૂસી ગયું હતું, જેના કારણે પરિવારોને પોતાના સગા-સંબંધીઓના ઘરે આશરો લેવો પડ્યો હતો. ઉમરાછીની સામે આવેલા વડોલી ગામમાં પણ 7થી વધુ ઘરોમાં પાણી ભરાતાં 7થી વધુ પરિવારોના આશરે 31 લોકોને ઘર છોડીને સલામત સ્થળે જવું પડ્યું હતું. પરિસ્થિતિને ધ્યાનમાં રાખી જિલ્લા પ્રશાસન એલર્ટ મોડમાં આવ્યું હતું. કીમ ખાતે એસડીઆરએફની એક ટીમ તહેનાત કરવામાં આવી હતી. ઉપરાંત તમામ અસરગ્રસ્ત ગામોના તલાટીઓને સરવે કરી લોકોને રહેવા અને જમવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી હતી.

વેલાછા અને લિંબાડા ગામે પૂરના પાણી ઘૂસ્યા, 200થી વધુ લોકોનું રેસ્ક્યુ કરાયું

હથોડા: કીમ નદીમાં પૂરના પાણી આવતાં લીંબાડા ગામના ભાથુ ફળિયામાં ૩થી ૪ ફૂટ પાણી ભરાયા હતા, જેથી સરકારી તંત્ર દ્વારા ભયમાં મુકાયેલા ૨૦૦ લોકોને સરકારી શાળામાં આશ્રય આપવામાં આવ્યો હતો. બીજી તરફ વેલાછા ગામની ગ્રીન વિલાસ સોસાયટીમાં પાણી ભરાતાં ફસાયેલા ૨૫ લોકોને ડેપ્યુટી સરપંચ શૈલેષભાઈ રાઠોડ, કનુભાઈ, સાગર મકવાણા, યોગેશ રાઠોડ સહિતના 10થી 12 યુવાનોએ ધસમસતા પ્રવાહમાંથી રેસ્ક્યુ કરી પ્રાથમિક શાળામાં સલામત સ્થળે ખસેડ્યા હતા.

માંડવીના લીમધામાં વરેહ નદી પરનો પુલ ધરાશાયી

પટેલ ફળિયા અને સ્ટેશન ફળિયા વચ્ચેનો સંપર્ક કપાઈ ગયો

વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને મુશ્કેલી

માંડવી: માંડવીના લીમધા ગામમાં તંત્રની ભારે બેદરકારી સામે આવી છે. ગામના પટેલ ફળિયા અને સ્ટેશન ફળિયાને જોડતો વરેહ નદી પરનો પુલ વચ્ચેથી જ ધરાશાયી થઈ જતાં બંને ફળિયા વચ્ચેનો સીધો સંપર્ક તૂટી ગયો છે. સ્થાનિક ગ્રામજનોના જણાવ્યાનુસાર છેલ્લા એક વર્ષથી આ પુલમાં ધોવાણ થવાના કારણે મોટી તિરાડો પડી ગઈ હતી. આ અંગે વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા સમયસર કોઈ સમારકામ હાથ ધરવામાં આવ્યું ન હતું, જેને પગલે આખરે જર્જરિત પુલ તૂટી પડ્યો હતો. આ પુલ તૂટી જવાથી સ્થાનિકો તેમજ શાળા-કોલેજ જતા વિદ્યાર્થીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા છે. હવે દોઢથી બે કિલોમીટરનો લાંબો ફેરો ફરવાની ફરજ પડી રહી છે. હાલમાં તમામ પ્રકારની અવરજવર સંપૂર્ણપણે બંધ કરી દેવાઈ છે.

માંડવીમાં રોકડિયા હનુમાન મંદિર પાસે 200 વર્ષ જૂનો વડ ધરાશાયી

માંડવી: માંડવી નગરપાલિકાના વોર્ડ નંબર-5 સ્થિત હનુમાન ટેકરા વિસ્તારના પૌરાણિક રોકડિયા હનુમાન મંદિર નજીક ભારે વરસાદના કારણે આશરે 200 વર્ષ જૂનું વિશાળ વડનું ઝાડ ધરાશાયી થયું હતું. ઘટના સમયે માર્ગ પર કોઈ અવરજવર ન હોવાથી સદનસીબે મોટી દુર્ઘટના અને જાનહાનિ ટળી હતી. નગરપાલિકાનો સ્ટાફ અને ફાયર બ્રિગેડની ટીમે ઝાડ હટાવી રસ્તો ખુલ્લો કરવાની કામગીરી હાથ ધરી હતી. ધાર્મિક અને પર્યાવરણીય મહત્ત્વને ધ્યાનમાં રાખી સ્થાનિક સભ્ય દ્વારા તે જ સ્થળે પુનઃ નવું વડનું વૃક્ષ રોપવાની ખાતરી આપવામાં આવી હતી. તો માંડવીથી બારડોલી માર્ગ પર વરજાખણ પાસે વર્ષો જૂનું વડનું મહાકાય વૃક્ષ અચાનક ધરાશાયી થતાં માર્ગ બંધ થઈ ગયો હતો. રસ્તાની બંને બાજુ વાહનોની લાંબી કતારો લાગતાં ટ્રાફિકજામ થયો હતો. પોલીસ અને માર્ગ-મકાન વિભાગે ગ્રામજનોની મદદથી ઝાડ હટાવી રસ્તો ખુલ્લો કરવાની કામગીરી હાથ ધરી હતી. સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી.

કીમ નદી છલકાતાં હથોડા સહિતના માર્ગો પ્રભાવિત

હથોડા: છેલ્લા સપ્તાહથી સતત વરસી રહેલા ભારે વરસાદ અને ઉપરવાસમાંથી પાણી છોડાતાં કીમ નદી બંને કાંઠે છલકાઈ ગઈ છે. નદીના પાણી માર્ગો પર ફરી વળતાં હથોડા, કઠવાડા, વેલાછા, લિંબાડા, કોઠવી અને મોટા બોરસરા સહિતના સંપર્ક માર્ગો પર વાહન વ્યવહાર સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે.

રસ્તા બંધ થવાથી સ્થાનિક ગ્રામજનો અને વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. જોકે, આ આફત વચ્ચે હથોડાથી મોટી નરોલી થઈને હાઈવે તરફ જતો માર્ગ ખુલ્લો રહેતાં હથોડા ગામના લોકો માટે સંપર્ક જળવાઈ રહ્યો હતો. જેથી ગામવાસીઓએ મોટી રાહત અનુભવી છે.

Milano MULTIPLEX
બારડોલી
Dhamaal 4
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 07:00pm, 09:30pm
Layak Nalayakk-Gujarati
05:30pm
Jan Neta
11:00am, 02:30pm, 06:00pm, 09:00pm, 10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

રસોઈકામ નહીં આવડતાં પરિણીતાનો દવા પી આપઘાત

કામરેજ: મૂળ ભાવનગરના દરેડ ગામના વતની અને હાલ ખોલવડની હદમાં પાસદોરા પાટીયા નજીક વાડીમાં રહીને શાકભાજી વેચતા સુનીલ શંકર સાથડિયાની પત્ની રૂપાબેન (ઉ.વ.23)ને ચાર દિવસ અગાઉ મોડી રાત્રે ઊલટી કરતાં બાજુમાં સૂતેલો સુનીલ જાગી ગયો હતો. પત્નીને પૂછપરછ કરતાં રસોઈ કામ આવડતું ન હોવાથી ખેતરમાં નાંખવાની દવા પી લીધી હોવાનું જણાવતાં ખાનગી વાહનમાં સુરતની સ્મીમેર હોસ્પિટલમાં લઈ ગયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે ખાનગી એમ્બ્યુલન્સમાં ભાવનગરની હોસ્પિટલમાં લઈ જતાં સારવાર દરમિયાન રૂપાબેનનું મોત નીપજ્યું હતું. જે અંગે ભાવનગર પોલીસે અકસ્માત મોત નોંધી બનાવ કામરેજની હદમાં હોવાથી વધુ તપાસ માટે કામરેજ પોલીસને સોંપવામાં આવી હતી.

ફૂલવાડી પાસે કાર અકસ્માતમાં ચાલક ઘાયલ

માંડવી: માંડવીના ફૂલવાડી ગામ નજીક અનિયંત્રિત બનેલી કારનો અકસ્માત થતાં કારચાલકને શરીરે નાની-મોટી ઈજા પહોંચી હતી. આ બનાવમાં સ્થાનિક લોકોએ ફસાયેલા ચાલકને બહાર કાઢી વધુ સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

જીઆરપી લિમિટેડ

(CIN: L25191GJ1974PLC002555)
રજિસ્ટર્ડ ઓફિસ: પ્લોટ નં. ૮, જીઆઈડીસી એસ્ટેટ, અંકલેશ્વર - ૩૯૩ ૦૦૨, જી. ભરૂચ, ગુજરાત
ફોન નં.: 022-67082600/2500 | ઈ-મેલ: investor.relations@grpweb.com | વેબસાઇટ: www.grpweb.com
૩૦ જૂન, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અણ-ઓડિટ કરેલ (Unaudited) નાણાકીય પરિણામોનો સારાંશ

(રૂપિયા લાખમાં)

ક્રમ	વિગત	સ્ટેન્ડઅલોન			કન્સોલિડેટેડ		
		પૂરો થયેલ ત્રિમાસિક ગાળો		પૂરું થયેલ વર્ષ	પૂરો થયેલ ત્રિમાસિક ગાળો		પૂરું થયેલ વર્ષ
		30-06-2026	30-06-2025	31-03-2026	30-06-2026	30-06-2025	31-03-2026
		અનઓડિટેડ	અનઓડિટેડ	અનઓડિટેડ	અનઓડિટેડ	અનઓડિટેડ	અનઓડિટેડ
1	સંચાલનમાંથી કુલ આવક (નેટ)	15,565.01	11,922.36	52,606.17	15,683.08	12,374.67	53,532.77
2	સમયગાળા માટેનો ચોખ્ખો નફો/ (નુકસાન) (કરવેરા, અપવાદરૂપ અને/અથવા અસાધારણ બાબતો પહેલાં)	882.90	470.91	1,514.49	841.20	321.69	946.78
3	કરવેરા પહેલાંનો સમયગાળા માટેનો ચોખ્ખો નફો/ (નુકસાન) (અપવાદરૂપ અને/અથવા અસાધારણ બાબતો પછી)	882.90	470.91	1,374.08	841.20	321.69	806.37
4	કરવેરા પછીનો સમયગાળા માટેનો ચોખ્ખો નફો/ (નુકસાન) (અપવાદરૂપ અને/અથવા અસાધારણ બાબતો પછી)	482.03	325.44	892.67	419.84	174.80	322.14
5	સમયગાળા માટેની કુલ સર્વગ્રાહી આવક [જેમાં સમયગાળા માટેના નફા / (નુકસાન) (કરવેરા પછી) અને અન્ય સર્વગ્રાહી આવક (કરવેરા પછી)નો સમાવેશ થાય છે]	579.45	(161.52)	(125.48)	517.26	(312.16)	(696.01)
6	ઈક્વિટી શેર મૂડી	533.33	533.33	533.33	533.33	533.33	533.33
7	અન્ય ઈક્વિટી (પુનઃમૂલ્યાંકન અનામત સિવાય) અગાઉના વર્ષની ઓડિટ કરેલ બેલેન્સ શીટમાં દર્શાવ્યા મુજબ	-	-	18,734.60	-	-	17,302.83
8	શેરદીઠ કમાણી (દરેક રૂ. ૧૦/- નો) (ચાલુ અને બંધ થયેલ કામગીરી માટે) (*વાર્ષિક ધોરણે નથી)						
	૧. બેઝિક (રૂ. માં)	9.04 *	6.10 *	16.74	7.87 *	3.28 *	6.04
	૨. ડાઈલ્યુટેડ (રૂ. માં)	9.04 *	6.10 *	16.74	7.87 *	3.28 *	6.04

નોંધ:
૧. સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૩૩ હેઠળ સ્ટોક એક્સચેન્જો સમક્ષ દાખલ કરવામાં આવેલા ત્રિમાસિક/ વાર્ષિક નાણાકીય પરિણામોની વિગતવાર વિગતોનો આ એક સારાંશ છે. નાણાકીય પરિણામોની સંપૂર્ણ વિગતો સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ્સ (www.nseindia.com અને www.bseindia.com) તથા કંપનીની વેબસાઇટ (www.grpweb.com) પર ઉપલબ્ધ છે.
૨. ઉપરોક્ત પરિણામોની સમીક્ષા ઓડિટ સમિતિ દ્વારા કરવામાં આવી છે અને ૨૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં ડિરેક્ટર્સ બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.
૩. સરખામણી યોગ્ય બનાવવા માટે જ્યાં જરૂરી હોય ત્યાં અગાઉના ગાળાના આંકડાઓને પુનઃજૂથબદ્ધ/પુનઃવર્ગીકૃત કરવામાં આવ્યા છે.

સ્થળ: મુંબઈ
તારીખ: ૨૩ જુલાઈ, ૨૦૨૬

જીઆરપી લિમિટેડ વતી,
હર્ષ આર. ગાંધી
મેનેજિંગ ડિરેક્ટર